**મહે. આઠમા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુે અમદાવાદ ગ્રામ્ય. (રૂમ નં. ૧૧૪)**

---

**ફોજદારી કેસ નં. /૨૦૨૬ ના કામે આંક–૧ હેઠળ હુકમ**

---

**શ્રી સરકાર વિ. આરોપી:–**

---

આ કામના આરોપીએ અડચણરૂપ થાય તે રીતે પોતાના કબજાની લારી/વાહન/વસ્તુઓ રાખેલી અને તે રીતે આરોપીએ **જી.પી.એકટની કલમ–૧૦૨, ૧૧૭** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો તેવો ફરીયાદપક્ષનો આક્ષેપ છે. ત્યારબાદ આરોપી હાજર થતાં તેની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેણે તેની સામેનો ગુનો કબુલ રાખેલ છે. વિશેષમાં આરોપી તરફે રજુઆત છે કે, તેઓ ગરીબ ઇસમ છે, ગુના બાબતે અજાણ અને અજ્ઞાન છે અને ભવિષ્યમાં ફરી આ પ્રકારનો ગુનો કરશે નહી. જેથી દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દવારા આરોપીને સમજાવેલ છે કે, કબુલા કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબુલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઇ મુજબ મહતમ સજા થઇ શકે છે. આમ છતાં આરોપી તેમની સામેનો ગુન્હો સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. વધુમાં આરોપી સામે કોઇ ગુનાહિત ઈતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આરોપી ગુન્હા અંગે પસ્તાવો વ્યકત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય, આરોપીની ઉંમર, આરોપી સામે કોઇ ગુનાહીત ઇતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામ. ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ વિ. નટવર હરખચંદ ઠાકોર,૨૦૦૫ જી.એલ.આર. પેઇજ નં. ૭૦૯, વાળા કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે, તેવુ આ કોર્ટનુ માનવુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

## –::– આ ખ રી હુ ક મ –::–

૧) આ કામના આરોપીને **જી.પી.એકટની કલમ–૧૦૨,૧૧૭** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપીને સંયુકત રીતે રૂા. ૨૦/–(અંકે રૂપિયા વીસ પુરા) નો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૧૧'મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ નારોજ સ્પે. શીટીંગમા જાહેર કર્યો.

**તા. ૧૧/૦૭/૨૦૨૬**
**અમદાવાદ(ગ્રામ્ય)**

**(ડી.જે. દોશી)**
**૮મા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા.**
**કોડ: જી. જે.૦૧૨૮૮**

દંડ પાવતી નંબર–..........................

વસુલ દંડની રકમ **રૂા. ૨૦/–(અંકે રૂપિયા વીશ પુરા).**

તા. ૧૧/૦૭/૨૦૨૬.

**નાઝીર /સીનીયર કલાર્ક**
આઠમા અધિક ચીફ જયુ. મેજી. કોર્ટ,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા.